અપીલ અરજી નં.૧૫૮ તા.૧૬–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–(૧)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
(૨)ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૫–૭–૧૦ની અરજીથી (૧) સા.ઈ.ઝોનપાસેથી ખાડીનું માપ લંબાઈ, પહોળાઈ વગેરે માહિતી આંકડામાં આપવી. (૨) ફા. પ્લોટ નં.૧૩ ટી.પી. સકીમ નં.૩૩ ધ્વારા ખાડી પુરાણ કરી અમુક ભાગ માર્કેટમાં સમાવવાની જે ગતિવિધી થઈ છે તેની કાયદેસરતા પરવાનગીની સંપુર્ણ માહિતી.(૩) જો આ પરવાનગી ન આપી હોય તો આમાં સામેલ બિલ્ડર, અધિકારીઓ, કર્મચારીઓ વિરૂધ્ધ થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી (૪)પરવાનગી ન આપી હોય છતાં આ ગતિવિધી આચરનારા વિરૂધ્ધ પગલાં ન લિધેલ હોય તો તેના સજજડ કારણો પરીબળો કમિ.શ્રીએ ૧૩–૧૧–૦૯ થી પરવાનગી આપી છે તેમાં ખાડી પુરાણનો ઉલ્લેખ છે કે કેમ? તે માટે તેઓએ આપેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૫–૭–૧૦ની અરજીથી (૧) સા.ઈ.ઝોનપાસેથી ખાડીનું માપ લંબાઈ, પહોળાઈ વગેરે માહિતી આંકડામાં આપવી. (૨) ફા. પ્લોટ નં.૧૩ ટી.પી. સકીમ નં.૩૩ ધ્વારા ખાડી પુરાણ કરી અમુક ભાગ માર્કેટમાં સમાવવાની જે ગતિવિધી થઈ છે તેની કાયદેસરતા પરવાનગીની સંપુર્ણ માહિતી.(૩) જો આ પરવાનગી ન આપી હોય તો આમાં સામેલ બિલ્ડર,અધિકારીઓ, કર્મચારીઓ વિરૂધ્ધ થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી (૪)પરવાનગી ન આપી હોય છતાં આ ગતિવિધી આચરનારા વિરૂધ્ધ પગલાં ન લિધેલ હોય તો તેના સજજડ કારણો પરીબળો કમિ.શ્રી એ ૧૩–૧૧–૦૯ થી પરવાનગી આપી છે તેમાં ખાડી પુરાણનો ઉલ્લેખ છે કે કેમ? તે માટે તેઓએ આપેલ માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૭૪ તા.૨૬–૭–૧૦ થી તથા ડે.કમિશ્નર (પી એડ ડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ./ ૨૦૯૦ તા.૧૧–૮–૧૦ થી આપેલ માહિતી સંપુર્ણ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૬૧૫ તા.૨૩–૮–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),તથા ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારને અપીલ અરજીમાં દાવો કરેલ તા.૧૩–૧૧–૦૯ પરવાનગી બાબતેના આધાર પુરાવા આપની કક્ષાએ હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪૭૨ તા.૩–૯–૧૦ થી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને અરજદારની મુળ અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી શહેર વિકાસ અધિકારીને તબદીલ કર્યા અંગેના આરટીઆઈ સા.ઈ.લીંબાયત/આ.નં.૧૫૦૩ તા.૨૧–૭–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૭૪ તા.૨૬–૭–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી આપેલ માહિતી અંગેના પત્ર નં.ટીડીઓ/૨૦૯૦ તા.૧૧–૮–૧૦ ના પત્રની નકલ તથા નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૧ ૮૧ તા.૧૩–૯–૧૦ થી પૂરક માહિતીમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્રનં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૧૫૭૪ તા.૨૬–૭–૧૦ તથા ટીડીઓ/ ૨૦૯૦ તા. ૧૧–૮–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોનો તા.૩૧–૮–૧૦ નો પત્ર મળેલ છે તેમાં તેઓએ કમિ.શ્રી એ તા.૧૩–૧૧–૦૯ ની પરવાનગી આપેલ છે તેવું ડે.કમિ. પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટના પત્ર નં. ૧૨૨૭ તા.૨૫–૬–૧૦ માં કબુલ કરેલ છે તેવું જણાવી અન્ય કોઈ આધાર રજૂ કરેલ નથી.

અરજદારની તા. ૧૫–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે ઈ.ચા. કાર્યપાલક ઈજનેર મ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ/સા.ઈ.ઝોન/લીંબાયત/ આ.નં.૧૫૦૩ તા.૨૧–૭–૧૦ થી શહેર વિકાસ અધિકારીને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને લીંબાયતઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/૧૫૭૪ તા.૨૬–૭–૧૦ થી " પ્રસ્તાવિત ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ ખાડીને લાગુ આવેલ છે મિલ્કતદાર તરફથી તેઓના ફાયનલ પ્લોટમાં માટી પુરાણ દરમ્યાન ખાડીના ભાગે કેટલુંક પુરાણ

જણાતા અત્રેની લીંબાયતઝોન ખાતેથી કાયદેસરની કાર્યવાહી કરી તે દુર કરવાનું ચાલુ કરાવેલ છે તેમજ તે માટે તેઓ પાસે જરૂરી ડિપોઝીટ પણ લેવામાં આવેલ છે. વધુમાં આપની અરજીના અન્ય લાગત મુદ્દાઓ અંગે આપની અરજીની એક નકલ શહેર વિકાસ અધિકારીશ્રી (મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ) સુમનપા મુગલીસરા, મુખ્ય કચેરી પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૨૦૯૦ તા.૧૧–૮–૧૦ થી લીંબાયતઝનો તરફથી આ.નં.૧૫૦૩ તા.૨૧–૭–૧૦ થી અત્રે શહેર વિકાસ ખાતે આંશિક માહિતી આપવા અંગે તબદીલ કરવામાં આવેલ. જે ખાતામાં તા.૨૨–૭–૧૦ ના રોજ મળેલ છે જે અન્વયે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને લગતી મુદ્દા નં.૨ ની આંશિક માહિતી અન્વયે જણાવવાનું કે પ્રશ્નવાળી મિલ્કત અંગે ટીપીઓશ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયમાં ફાયનલ પ્લોટમાં દર્શાવવામાં આવેલ ક્ષેત્રફળ/માપ વિસ્તારમાં અરજદારોએ રજૂ કરેલ પ્લાનો ડીસીએસઆરની જોગવાઈઓ મુજબના હોવાનું જણાતા સૈધ્ધાંતિક રીતે ગ્રાહય રાખવામાં આવેલ છે તેવું જણાવેલ. જે બાબતે અરજદારે નમુના–ક મુજબ માહિતી આપી નથી તેમજ કમિ. શ્રીની તા.૧૩–૧૧–૦૯ ની પરવાનગીમાં તેમાં ખાડીનો ઉલ્લેખ છે કે કેમ તથા નકલ આપી નથી આમ બંને માહિતી અધિકારીઓએ આંશિક માહિતી પૂરી પાડી છે સંપૂર્ણ નમુના–ક મુજબ તેમજ ખાડી બાબતે માહિતી આપી નથી તેમજ બંને જાહેર માહિતી અધિકારીઓ વિરુધ્ધ કાર્યવાહી કરવાની રજૂઆત કરી તા.૧૬–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારને મુદ્દા નં.૨ અને ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પરવાનગી બાબતે ટાઉન પ્લાનીંગના અભિપ્રાયમાં ફાયનલ પ્લોટોના દર્શાવવામાં આવેલ ક્ષેત્રફળ/માળ અરજદારે રજૂ કરેલ પ્લાનની ડીસીએસઆરની જોગવાઈ મુજબના હોવાનું જણાતા સૈધ્ધાંતિક રીતે ગ્રાહય રાખવામાં આવે છે.જયારે તે અંગે થયેલ કાર્યવાહી બાબતે લીંબાયતઝોન તરફથી પુરાણ દુર કરવા કાર્યવાહી કરવામાં આવેલ. તેમજ જરૂરી ડીપોઝીટ પણ લેવામાં આવેલ છે તેવી દફતરી ઉપલબ્ધ વિગતો પૂરી પડાયેલ જણાયેલ છે પરંતુ મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડેલ જણાતી નથી. આમ બંન્ને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી જોતાં તથા પુરાણ દુર કરાવવા કહેલ કાર્યવાહી તથા લીધેલ ડીપોઝીટ લક્ષમાં લેતાં અરજદારને મુદ્દા નં.૨ તથા ૩ ની માહિતી આપેલ હોવાનું સ્પષ્ટ થાય છે. મુદ્દા નં.૨ ની કાર્યવાહી ધ્યાને લેતાં તેમાં જ મુદ્દા નં.૪ નો પ્રત્યુત્તર – માહિતી સમાવિષ્ટ થતી જણાય છે. તેથી મુદ્દા નં.૨ થી ૪ અંગે અરજદારના માહિતીની નારાજગીના દાવાને અરજદાર પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નહીં પૂરી પડાયેલી મુદ્દા નં.૧ ખાડીના માપ અંગેની દફતરી અને હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય અધિકારી ....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ